
## વડીલોને વંદન
## અભિનંદન
### આજે જન્મદિવસ



નારણભાઈ પ્રાગજીભાઈ પટેલ
(૧૯૫૫) મો. ૯૯૨૫૦૩૨૬૧૮



ક્રિષ્નાનંદ મંગળદાસ ચિતણીયા
(૧૯૩૪) ફોન: ૨૩૨ ૨૧૯૪૮



દેવીપ્રસાદ કનૈયાલાલ માંકડ
(૧૯૨૯) ફોન: ૨૩૨ ૧૧૩૬૨



સજનાદેવી પવાર
(૧૯૪૦) ફોન: ૨૩૨ ૧૬૫૬૧

### ભાજપ તરફથી આજે સક્રિય સદસ્યતા કાર્ડ વિતરણ સમારંભ યોજાયો

ભારતીય જનતા પાર્ટી તરફથી સક્રિય સદસ્યતા કાર્ડ વિતરણ કાર્યક્રમ તા. ૨૯મી જુલાઈના રોજ સાંજે ૪.૦૦ કલાકે ટાઉન હોલમાં યોજાશે. સમારંભના અધ્યક્ષ પદે બલવીરસિંહ પૂજ રાષ્ટ્રીય પ્રવકતા તથા પ્રભારી ગુજરાત પ્રદેશ રહેશે. મુખ્ય મહેમાન શંકભાઈ ચૌધરી મહામંત્રીશ્રી ગુજરાત પ્રદેશ ભાજપ રહેશે. અતિથિ વિશેષ પદે અનિલભાઈ પટેલ ધારાસભ્યશ્રી, રમીલાબેન બારા ઉપ-પ્રમુખશ્રી ગુજરાત પ્રદેશ પ્રભારી, ગાંધીનગર જિલ્લા મહાનગર ભાજપ શ્રી કે.સી. પટેલ ઈન્ચાર્જ ગાંધીનગર જિલ્લો, પ્રદિપસિંહ વાઘેલા, પ્રમુખશ્રી ગુજરાત પ્રદેશ યુવા મોરચા, શંભુજી ઠાકોર ધારાસભ્યશ્રી, શંકુલતાબેન પટેલ પ્રમુખશ્રી ગાંધીનગર જિલ્લા ભાજપ. શહેર ભાજપ પ્રમુખશ્રી રુચિર ભટ્ટે જણાવેલ છે.

### સુત્રોચ્ચાર કરીને ભારે હોબાળો મચાવ્યો
# જાપાન મુલાકાત પછી પ્રતિનિધિ મંડળની પત્રકાર પરિષદમાં ટોળું ઘુસ્યું
### દુકાળમાં વીજળી-પાણી જેવી સુવિધાઓ સરકારે આપવી જોઈએ તેવી માંગ કરાઈ : થોડીકવાર માટે તંગદીલી ફેલાઈ


અમદાવાદ, તા. ૨૮

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની જાપાનની મુલાકાત બાદ તેની વિગતો મીડીયાને આપવા માટે આજે યોજવામાં આવેલી પત્રકાર પરિષદમાં એકાએક ખેડૂતોનું એક ટોળું ઘુસી ગયું હતું. અને દુકાળના સમયમાં ખેડૂતોને વીજળી અને પાણી મળે તેવા પ્રયત્નો સરકારે કરવા જોઈએ એવા સૂત્રોચ્ચાર કરતાં હોબાળો મચી ગયો હતો. મળતી માહિતી મુજબ આજે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રીની ચાર દિવસની જાપાનની મુલાકાતની ઉપલબ્ધિઓ અખબારી માધ્યમો સુધી પહોંચાડવા માટે સરકાર દ્વારા અમદાવાદમાં એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સમાં રાજ્ય સરકારના ઉદ્યોગ વિભાગના વરિષ્ઠ સનદી અધિકારીઓ ઉપરાંત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે જાપાન ગયેલા રાજ્યના અગ્રણી ઉદ્યોગપતિઓ પણ હાજર હતા. ગુજરાત યુનિવર્સિટીના ગ્રાઉન્ડમાં આવેલા જીએમડીસી ભવનમાં પત્રકારો સાથે કેટલાક લોકો ગોઠવાઈ ગયા હતા. અને પત્રકારો ઉદ્યોગ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ એ. કે. શર્મા અને મહેશ્વર સાહુ તથા ઉદ્યોગ જગતના અગ્રણીઓ પરિમલ નથવામી અને સુધીર મહેતા સહિતના સભ્યોને સવાલો પૂછે એ પહેલા જ કેટલાક લોકોએ નારેબાજી શરૂ કરી દીધી હતી. તેમના સૂત્રોચ્ચારનો સૂર એવો હતો કે મુખ્યમંત્રી મોદીએ વરસાદ ખેંચાયો હોય તેવા દુષ્કાળના સમયમાં ખેડૂતોને વીજળી અને પાણી આપીને મદદ કરવી જોઈએ તેના બદલે ઉદ્યોગોને ફાયદો પહોંચાડવા માટે જાપાન જઈ આવ્યા. પત્રકાર પરિષદમાં આ પ્રકારે હંગામો થતાં રાજ્ય સરકારના અધિકારીઓ અને ઉદ્યોગપતિઓ મૂંઝાઈ ગયા હતા.

### આંદોલનમાં ગુજરાતમાંથી ૨૫ હજાર જોડાશે
# દેશમાં કોને જીતાડવા તે ૯મી ઓગસ્ટે નક્કી થશે : રામદેવ
### સરકારને કાળુ નાણું પરત લાવવા હજુ એક તક અપાશે કેન્દ્ર કોઈ નિર્ણય નહીં કરે તો નિર્ણાયક આંદોલન કરાશે

અમદાવાદ, તા. ૨૮

કાળા નાણાં મુદ્દે આગામી ૯મીએ રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં થનાર બાબા રામદેવના આંદોલનમાં ગુજરાતમાંથી પણ અંદાજે ૨૫૦૦૦ લોકો જોડાશે. બે દિવસના અમદાવાદના પ્રવાસે આવેલા બાબા રામદેવે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, કેન્દ્ર સરકારને દેશમાં કાળું નાણું પરત લાવવા હજુ એક તક આપીશ. જો આ વખતે પણ કોઈ નિર્ણય કેન્દ્ર નહીં કરે તો અમે જલદ અને નિર્ણાયક આંદોલન કરીશું. આ વખતે અમે કોને હટાવવા અને કોને જીતાડવા તેની પણ જાહેરાત કરીશું. આવતીકાલે તેમને મુખ્યમંત્રી મોદીના હસ્તે તરૂણ ક્રાંતિ એવોર્ડ પણ આપવામાં આવશે. ગુજરાતમાં ભ્રષ્ટાચાર થયાની બાબત હું હજુ જાણતો નથી. કાળું નાણું લાવનાર જ હવે દેશનો વડાપ્રધાન બનશે. તેમણે જણાવ્યું હતું કે, ૯મી ઓગસ્ટે દિલ્હી ખાતે શરૂ થનારું કાળું નાણું, ભ્રષ્ટાચાર અને અન્યાયી ભ્રષ્ટ વ્યવસ્થાની વિરૂદ્ધ ઐતિહાસિક નિર્ણાયક આંદોલન એ આખરી કક્ષાનું છે. હવે તો પરદેશમાં પડેલું કાળું નાણું પાછું લાવો, ભ્રષ્ટાચાર સદંતર નાબૂદ કરો અને બ્રિટીશરો વખતની ભ્રષ્ટ વ્યવસ્થા દૂર કરી, દેશના પ્રજાજનોને સંતોષ થાય તેવી શુદ્ધ વ્યવસ્થાનું નિર્માણ કરો, નહિતર સત્તા છોડો. આપણો દેશ શક્તિહીન નથી, આપણું ભાગ્ય અને કર્મ પણ ખરાબ નથી. વળી આપણે જાતિ, વર્ગ અને ધર્મના કારણે ગરીબ, અશિક્ષિત કે બેરોજગાર નથી, પણ કાળું નાણું, ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટ વ્યવસ્થાને કારણે આપણી અને આપણા દેશની આ દુર્દશા છે. આજે આપણે આગળ નહિ



આવીએ તો બીજા કોણ આગળ આવશે? થોડાક જ ભ્રષ્ટાચારીઓએ રૂા. ૪૦૦ લાખ કરોડ કાળા નાણાંના રૂપે લૂંટેલ છે અને પરદેશમાં જમા કરાવેલ છે તેનાથી અને ભ્રષ્ટાચારથી જ એમણે ભારતમાતાની આબરૂ લૂંટી છે.

બાળકોનું બાળપણ લૂંટેલ છે, યુવાનોનાં સપનાને લૂંટેલ છે, ગરીબોની ઈજ્જતને લૂંટેલ છે, ખેડૂતોની ખુશીને લૂંટેલ છે, એનાથી હિન્દુસ્તાનની ધરતી શરમાય છે. આજે માતૃભૂમિને જરૂર છે આપ બધાની. એટલે જ કર્મઠ ભાઈ-બહેનોને, યુવા-શક્તિને, સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓને, આપણા અન્નદાતા એવા ખેડૂતોને, દરેક મજૂરને, વ્યાપારીઓને, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓને, હિન્દુ, મુસ્લિમ, શીખ, ઈસાઈને બધા સંગઠનોને અને દેશભક્ત એન.જી.ઓ.ને પ્રાર્થના કરીએ છીએ કે વખત આવી ગયો છે કે આપણો અવાજ બુલંદ કરીને માતૃભૂમિને ખુશીઓથી ભરી દઈએ. હવે આ અવસર આવ્યો છે, આપણું યોગદાન આપીને યશસ્વી બની શકીએ છીએ. બોલો... ચોર અને ગદ્દારો સાથે ઉભા રહેશો કે દેશને બચાવવા, કાળું નાણું પાછું લાવવા, ભ્રષ્ટાચાર નાબૂદ કરવા આ આંદોલન સાથે ઉભા રહેશો? થોડાક લોકો માતૃભૂમિને પીંખે અને આપણે મૌન રહીએ, શું આ પાપ નથી? અંતમાં મારું નિવેદન છે કે ભૂલશો નહિ, આળસ કરશો નહિ, ૯મી ઓગસ્ટે... દિલ્હી અચૂક પહોંચજો.

# આજે ભાજપા દ્વારા ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારના કાર્યકર્તા સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગર દ્વારા ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારના કાર્યકર્તા સંમેલન તથા સક્રિય સદસ્યતા કાર્ય વિતરણ સમારંભ આજે તા. ૨૯મી જુલાઈ ૨૦૧૨ ને રવિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે ટાઉનહોલ, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે યોજાશે.

ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા તથા ગુજરાતના પ્રભારી તેમજ સંસદ સભ્ય બલવીરસિંહ પૂંજના અધ્યક્ષસ્થાને સમગ્ર કાર્યક્રમ યોજાશે. સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે પ્રદેશ ભાજપના મહામંત્રી તથા રાધનપુરના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરી તથા અતિથિ વિશેષ તરીકે મહેસાણાના ધારાસભ્ય તેમજ પૂર્વ ઉદ્યોગ મંત્રી અનિલભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ ભાજપના ઉપપ્રમુખ તથા ગાંધીનગર જિલ્લાના પ્રભારી રમીલાબેન બારા, ગાંધીનગરના ઈન્ચાર્જ તથા એસ.ટી. બોર્ડના ડીરેકટર કે.સી. પટેલ પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલા, ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા ગાંધીનગર જિલ્લા ભાજપના અધ્યક્ષ શંકુતલાબેન પટેલ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં સક્રિય સદસ્ય તરીકે નોંધાયેલા કાર્યકર્તાઓને ભારતીય જનતા પાર્ટીના સક્રિય સદસ્યતા કાર્ડનું વિતરણ કરવામાં આવશે.

# ગલુદણ ગામે જુગાર રમતા ૪ જુગારીયાઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ડભોડા પોલીસ મથકની હદમાં આવેલ ગલુદણ ગામે ઈન્ડીયન ગેસના ગોડાઉન સામે ખુલ્લામાં હારજીતનો જુગાર રમતા ૪ જુગારીયાઓને આજે ડભોડા પોલીસે બાતમીના આધારે ઝડપી કુલ ૪૩૨૬૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ ડભોડા પોલીસ મથકના પી.એસ.આઈ.ને ખાનગી રાહે બાતમી મળી હતી કે ગલુદણ ગામે ઈન્ડીયન ગેસના ગોડાઉન પાસે કેટલાક ઈસમો ખુલ્લામાં બિન્દાસપણે હારજીતનો જુગાર રમે છે જે બાતમીના આધારે પી.એસ.આઈ. એ સ્ટાફના માણસો સાથે બાતમી સ્થળે દરોડો પાડી પત્તા ટીચતા કરણસિંહ રાજુસિંહ પરમાર (રહે. દહેગામ), શૈલેષ ભજાગી ઠાકોર (રહે. ગલુદણ), હસમુખ ડાહ્યાભાઈ પરમાર (રહે. નરોડા) અને સુરેશ ગણપતભાઈ સોલંકી (રહે.નારોલ)ને ઝડપી પાડયા હતા અને તેમની પાસેથી જુગાર સાહિત્ય સાથે કુલ રૂ. ૪૩૨૬૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને તમામ વિરુધ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પી.એસ.આઈ. એચ.કે. સોલંકી ચલાવી રહ્યા છે.

# ગાંધીનગર નાગરિક સેવા સમિતિ દ્વારા યુવા પાંખના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નાગરિક સેવા સમિતિના મંત્રી પી. જે. સુશિલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર નાગરિક સેવા સમિતિના નિર્ણાયક મંડળના અધ્યક્ષ વિક્રમસિંહ ખાચરે તાજેતરમાં ગાંધીનગર નાગરિક સેવા સમિતિ ગાંધીનગર એકમ યુવા પાંખના હોદ્દેદારોની નિમણૂંક કરી છે.

ગાંધીનગર એકમ યુવા પાંખના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે મિતુલકુમાર જોષી, ઉપપ્રમુખ તરીકે કુંદનસિંહ ચાવડા, મેહુલભાઈ ઓઝા, સમીરભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રી તરીકે રાજુભાઈ પ્રજાપતિ, મંત્રી તરીકે નાગજીભાઈ દેસાઈ, ધ્રુવ જાની, જયંતિભાઈ મકવાણા, સહમંત્રી તરીકે અરવિંદભાઈ વાઘેલા, જય ભટ્ટી, હર્ષ સોની, ધર્મેન્દ્રસિંહ રાઠોડ, સંગઠનમંત્રી તરીકે બુદ્ધેશભાઈ, જસપાલસિંહ ઝાલા, જયદીપસિંહ પરમાર, અજીતસિંહ મકવાણા અને નવીનભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી.

### ઉદ્યોગ ભવનના સલામતી જવાનોએ મેઘરાજાને રીઝવવા કથા કરાવી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ઉદ્યોગભવનના કચેરીની સલામતીની જવાબદારી સંભાળતા જી.આઈ.એસ.એફ.ના જવાનોએ મેઘરાજાને મનાવવા માટે પોતાના પગારમાંથી બચત કરીને ધોધમાર વરસાદ વરસે તે માટે ૨૮મી જુલાઈના રોજ સત્યનારાયણ ભગવાનની કથા યોજી હતી. વિનોદભાઈ ઉપાધ્યાયે કથાનું રસપાન પીરસ્યુંહતું. સત્યનારાયણ ભગવાનને જવાનોએ વરસાદ માટે પ્રાર્થના કરી હતી. અમૃતભાઈ દેસાઈ, હરેન્દ્રસિંહ રાણા, ભીખુસિંહ રાઠોડ, અરવિંદભાઈ પટેલ, બકાજી ચાવડા, કલ્પેશ સેનમાએ સફળ આયોજન કરેલ હતું.

### આજે શિવ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિ:શુલ્ક ઈન્ટરવ્યૂ માર્ગદર્શન સેમિનાર યોજાશે


ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સિવ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખે જણાવ્યું છે કે, યુવાનોને કેરિયર ઓરીએન્ટેડ માહિતી મળી રહે તે માટે ઈન્ટરવ્યૂ માર્ગદર્શન સેમિનાર આજે તા. ૨૯મી જુલાઈ રવિવારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન જીમખાના, સેક્ટર-૧૯, ગાંધીનગર ખાતે યોજાશે. નિ:શુલ્ક ઈન્ટરવ્યૂ માર્ગદર્શન સેમિનારમાં જાણીતા વક્તા હિરલ વ્યાસ ખાસ હાજરી આપશે અને ઈન્ટરવ્યૂમાં યુવાનોને મુઝવતા પ્રશ્નો, માહિતી અને માર્ગદર્શન આપી જરૂરી સહકાર આપશે. સેમિનારમાં રસ ધરાવતા સૌને સમયસર હાજરી આપવા શિવ ચેરીટેબલ દ્વારા ખાસ જણાવાયું છે.

### જાપાન ઈચ્છુક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકાસની રૂપરેખા રજુ કરાઈ હતી. ગુજરાત ઓટો મોબાઈલ હબ તથા અતુઆધુનિક ઉત્પાદન ક્ષમતા સાથે ગ્રીન ટેકનોલોજીના મામલે જાપાનીઓ માટે શ્રેષ્ઠ રોકાણનું સ્થળ બન્યું છે. મોદીએ બીન પારંપરીક ઉર્જા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટુરીઝમ પ્રોત્સાહન અન જળ વ્યવસ્થાપન મામલે ચર્ચા કરી હતી. મોદીએ બેંકોના અધિકારીઓ સાથે પણ મિટિંગો યોજી હતી. ગુજરાતના પ્રતિનિધિ મંડળે ઓટોમોબાઈલના ક્ષેત્રમાં જુદા જુદા વિષય પર વાત કરી હતી. આ મિટિંગો ખુબ જ ફળદાયી સાબિત થઈ છે. મોદીએ વરિષ્ઠ ઉદ્યોગો સંચાલકો સાથે વન ટુ વન બેઠકો યોજી હતી. જેમાં લઘુ અને મધ્યમ ઉદ્યોગકારોએ ગુજરાતમાં રોકાણ માટે ઉત્સુક્તા દર્શાવી હતી. હાયોગોના ગવર્નરે સાયબર ટેકનોલોજી, પોર્ટ ડેવલોપમેન્ટ, આપત્તિ વ્યવસ્થાપન જેવા વિષયો પર ગુજરાત સાથે સહભાગીતા સ્થાપવામાં રસ દર્શાવ્યો હતો. જાપાનના લોકો ગુજરાત સાથે નજીકના અંતરથી કામ કરવા ઈચ્છુક બન્યા છે. મોદીના પ્રવાસથી બન્ને વચ્ચેના સંબંધ મજબુત બન્યા છે.

## શબ્દાવલી - ૪૮૦૨



**આડી ચાવી**

૧. લગામ (૪)
૪. આ શહેરમાં પટોળા વખણાય (૩)
૬. ૨૦ કિલોનું માપ (૨)
૭. લીટો, લસરકો (૪)
૯. પરવાહ વગરનું (૫)
૧૦. ... કરવું, દોડવું (અંગ્રેજી) (૨)
૧૨. સમાપ્ત, આ પ્રમાણે (૨)
૧૩. વજનનું એક માપ (૨)
૧૫. ચડવણી, દોરવણી (૪)
૧૮. સમય, ટાઈમ (૩)
૨૦. હોળી-ધુળેટીમાં બધાં એકબીજા ઉપર... ઉડાડે (૩)
૨૨. અવકાશ... એટલે વિમાન (૨)
૨૪. ખરગોશ, એક ચોપગું પ્રાણી (૩)
૨૫. વા વાયાને... ખસ્યુ તે દેખીને કૂતરું ભસ્યુ (૩)

**ઊભી ચાવી**

૧. બગલમાં થતુ ગુમડુ, કાખબલાઈ (૪)
૨. ગણેશજી (૪)
૩. ઉતાવળમાં થતો ગભરાટ (૪)
૪. અંત (૨)
૫. ...કરવી, ટપારવું (૩)
૮. સહન કરવાની શક્તિ (૬)
૧૧. ગુણ વગરની (૩)
૧૪. વિચારવિમર્શ (૪)
૧૬. 'વખ' શબ્દ ઊંધો (૨)
૧૭. મુખવાસમાં ખવાતી ચીજ (૨)
૧૮. હાથ..., જલ્દી મળી જાય તેવું (૨)
૧૯. ખત્મ, પૂરૂં (૩)
૨૩. આંગળામાં નખ પાસેની કુણી ચામડી, નયલું (૨)

### શબ્દાવલી ૪૮૦૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) દીર્ઘદષ્ટિ (૨) કુહાડો (૪) માર (૫) દાંડાઈ (૭) જશ (૯) માઈક (૧૧) ઉમા (૧૨) રજનીગંધા (૧૪) પુરાતન (૧૫) દમામ (૧૭) હવા (૧[redacted] (૨) કુમાશ (૩) હાર (૬) ઈમારત (૭) જકની (૮)[redacted]ધામા (૧૩) ગંદવાડ (૧૪) પુષ્કળ (૧૬) મલમ (૧[redacted]

## સમાચાર ઝલક

- રાજકારણમાં હાઇ-જમ્પ મારવા અણ્ણા તૈયાર.
- રક્ષાબંધન : ચોવીસેય કલાક શુભ મુર્હૂત.
- ટીમ ઇન્ડિયામાં વિવાદ : ધોની અને ગંભીર આમને સામને.
- ગુજરાતના વિકાસની અનોખી શાખ જાપાનમાં ઉભી થઇ છે.
- ધાનેરા તાલુકના સાંકડ ગામે નકળંગ ભગવાનના મંદિરમાં રૂપિયા બે લાખની તસ્કરી.
- ટેટ - ૨ ભાષાની વિષયોનું પરિણામ માત્ર ૧.૪૯ ટકા. પરીક્ષાર્થીઓ ચોકી ગયા.
- કેન્દ્રમાં રહેમરાહે નોકરી મેળવવા માત્રે ત્રણ વર્ષની સમયમર્યાદા હટાવાઇ.
- હિન્દુ યુવક બન્યો મુસ્લિમ, પાકિસ્તાની ટી.વી.એ બતાવ્યું.
- ત્રણેક ચાર માસ અગાઉ ગાંધીનગરના પોલીસ પુત્રના ખુની રાજકોટના રીઢા ગુનેહગારો પકડાયા.
- ઓલિમ્પિક્સના કારણે લંડન અભેદ્ય સુરક્ષા હેઠળ, છાવણીમાં ફેરવાયું.
- પ્રજા લૂંટાય છે, છૂટક-જથ્થાબંધ ભાવો વચ્ચે ૩૦૦ ટકાનો તફાવત.
- ચલો, ગુજરાત-૨૦૧૨, અમેરિકામાં ગાંધી, સરદાર, મોદીની મીણની પ્રતિમા મુકાશે, તૈયારીનો છેલ્લો ઓપ અપાઇ રહ્યો છે.
- બાળકોના પ્યારા રમકડાં તહેવારમાં વાલીઓનાં ગજવા હળવા કરશે. રમકડાં ગયા વર્ષ કરતાં ૪૦ થી ૧૫૦ રૂપિયા મોંઘા.
- શ્રી કેશુભાઇ પટેલ, શ્રી સુરેશભાઇ મહેતા, પ્રધાનમંડળમાં સામેલ ૮૦ ટકા પટેલો આજના મંત્રીમંડળમાં સમાવેશ થયેલ છે : આનંદીબહેન પટેલ.
- સૌરાષ્ટ્રમાં સ્વાઇન ફ્લૂના રોગચાળાએ ફરી દેખા દીધી. જામનગરમાં એકનું મોત.
- સાબરમતી જેલમાં જેલવાસ ભોગવતા રાજકુમાર પાંડીયન અને ડી.જી. વણઝારા વચ્ચે મારામારીની ફરિયાદ.
- ભારતના દરેક ઓલિમ્પિક ખેલાડીને સરકારી નોકરી પાકી. જીતે કાં ના જીતે તો પણ નોકરી ખરી.
- હજી યાત્રા ક્વોટા આદેશ અંગે કેન્દ્રની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી.
- દ્વારકાધીશ મંદિરે (દ્વારકા)માં મેઘકૃપા માટે ગોવિંદાભિષેક.

### ત્રણ ઝડપાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં ખુલ્લેઆમ સટ્ટાબાજી થતી હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે. એલ.સી.બી. પોલીસે આ મામલે મળેલી બાતમીના આધારે શહેરના વિવિધ બે ઠેકાણે ગઈકાલે દરોડા પાડી સટ્ટોડીયાઓને સકંજામાં લીધા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર એલ.સી.બી. પોલીસે ગઈકાલે સાંજે સે. ૨૪ શાકમાર્કેટ પાસેના ખુલ્લા વિસ્તારમાં ડોમેસ્ટીક ક્રિકેચ મેચના જીવંત પ્રસારણના આધારે સટ્ટો લગાડતા બે શખ્સોને પકડી લીધા હતા. આ દરમિયાન પોલીસે આરોપી સુમન રામાભાઈ પટેલ, (રહે. પ્લોટ નં. ૧૯૬/૧, સે. ૨૬) તેમજ આરોપી પાર્થ મહેન્દ્રભાઈ સુથાર રહે. (સે. ૨૩, બ્લોક નં. ૯૭/૨ છ-ટાઈપ)ની ધરપકડ કરી હતદી. પોલીસે આરોપીઓ પાસેથી રૂ. ૧,૬૯૪૦ સહિત ૫ નંગ મોબાઈલ ફોન તેમજ આઈ-ટેન કાર નં. જીજે-૧૮-એ.એમ.-૨૩૮૫ સહિત રૂ. ૪.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે વોન્ટેડ આરોપી લાલસિંહ ઉર્ફે લાલભાઈની શોધખોળ હાથ ધરી છે. આ ઉપરાંત સે. ૨૬ના રહેણાંક વિસ્તારમાં પણ પોલીસે ગતરાત્રિ સમયે દરોડા પાડ્યા હતા. જેમાં પ્લોટ નં. ૫૫૮/૨ માં આરોપી મહેન્દ્ર ગુણવંતભાઈ પટેલ પોતાના ઘરે જ નેધરલેન્ડની ક્રિકેટ મેચના પ્રસારણ આધારે મોબાઈલ ફોનથી સટ્ટો રમતો હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે આરોપી પાસેથી રૂ. ૨૬,૯૦૦ની રોકડ સહિત કલર ટી.વી. અને ૬ નંગ મોબાઈલ ફોન સાથે રૂ. ૩૬,૯૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. વધુમાં કલોલ તાલુકાના મુબારકપુર ગામમાં રહેતા ૧ ફરાર આરોપી કમલેશ ચિમનભાઈ પટેલ તેમજ ગણપતસિંહ વાઘેલા રહે. સ. ૩ તપાસ હાથ ધરી છે. સે. ૨૧ પોલીસે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી કેસની વધુ તપાસ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

### મોનસુન યોજના તૈયાર.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેન્કરો મારફતે પીવાના પાણીને પહોંચાડવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. બીજીબાજુ તમામ ૨૬ જિલ્લાઓ માટે મોનસુન કન્ટિજન્સી પ્લાન તૈયાર થયા છે. એક્શન પ્લાનને તાત્કાલી ધરોણે અમલી બનાવી દેવામાં આવ્યા છે. પાણી-ઘાસચારની જરૂરીયાતો અને ખેડૂતોની મુશ્કેલીઓને દુર કરવા આગોતરા આયોજનોની કામગીરી પણ શરૂ કરાઈ છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં અપૂરતા અને અનિશ્ચિત વરસાદની પરિસ્થિતિના સંદર્ભમાં ખેતીવાડી, સિંચાઈ, પીવાના પાણી અને ઘાસચારાના પુરવઠા તથા ગ્રામીણ રોજગાર માટેના રાજ્ય સરકારે શરૂ કરેલા તાકિદના પગલાંની સર્વગ્રાહી સમીક્ષા માટે આજે ગાંધીનગરમાં ઉચ્ચ કક્ષાની બેઠક યોજી હતી. જેમાં વરિષ્ઠ મંત્રીઓ અને સચિવઓએ સમગ્ર રાજ્યમાં ૨૬ જિલ્લાઓમાં મોન્સુન કન્ટીજન્સી પ્લાન તૈયાર થઈ ગયા છે તેની ભૂમિકા આપી હતી. રાજ્યમાં મહેસૂલ અને રાહતનો કંટ્રોલરૂમ ૨૪ કલાક કાર્યરત થયો છે. મંત્રીઓની ઉચ્ચકક્ષાની સત્તાધિકાર સમિતિ દર સપ્તાહે મળીને જરૂરિયાત અનુસાર નીતિવિષયક નિર્ણયો લેશે જ્યારે મુખ્ય સચિવની સમિતિ દરરોજ અસરગ્રસ્ત નિષ્ણાતો અને તીવ્રતાની જરૂરિયાતો ધ્યાનમાં લઈને પીવાના પાણીની વ્યવસ્થા, સિંચાઈના પાણીનું અસરકારક વિતરણ, ઘાસચારાની જરૂર તથા રોજગારની ગ્રામ વિસ્તારોમાં આવશ્યકતા માટેની વ્યવસ્થા કરાશે.